1. ઉપનિષદમાં વર્ણવાયેલ દાર્શનિક વિચારધારાનો ટૂંકમાં પરિચય આપો.

➢ વૈદિક સાહિત્ય અત્યંત વિશાળ છે. વૈદિક યુગ દરમિયાન સ્તુતિઓ અને આહુતિઓ દ્વારા દેવોને પ્રસન્ન કરવાની ધાર્મિક વિધિઓ વિકાસ પામી હતી. શ્રુતિ, સ્મૃતિ, સંહિતા, બ્રાહ્મણગ્રંથો, આરણ્યો, ઉપનિષદ, પ્રદુર્શન વગેરેમાં તત્ત્વચિંતન અને તત્વદર્શનની પરાકાષ્ઠ જોવા મળે છે. ઉપનિષદમાં વર્ણવાયેલ દાર્શનિક વિચારધારા : ભારતીય દાર્શનિક વિચારધારામાં ષડદર્શન (6 દર્શન)નું ખાસ મહત્વ છે.ષડદર્શન એ ભારતીય આધ્યાત્મિક જીવનશૈલીનું તત્ત્વજ્ઞાન છે. આ દર્શનો એ અમુક પ્રકારની વિચારધારા નહિ, પરંતુ જીવનપદ્ધતિ છે અને ધર્મની જેમ દરેક ભારતીયના જીવન સાથે જોડાયેલી છે. ધર્મ વ્યક્તિની વિચારધારા અને વિશ્વાસનું બાહ્ય સંસ્કૃતિનું આચરણ છે, જ્યારે દર્શન એ સંસ્કૃતિનો આત્મા છે. દર્શન શબ્દની ઉત્પત્તિ કશ ધાતુમાંથી થઈ છે. તેનો અર્થ ‘જોવું’ અથવા જેનાથી જઈ શકાય તે થાય છે. ઉપનિષદમાં દશાવેલ દાર્શનિક વિચારધારાનો જન્મ જીવનની સમસ્યાઓના સમાધાન શોધવાની તીવ્ર ઈચ્છા અને ઉત્કંઠામાંથી થયો છે.

ષડ્દર્શન : (ષડદર્શન 6 દર્શન)ની સમજૂતી નીચે પ્રમાણે છે :

1. સાંખ્યદર્શન : સાંખ્યદર્શનની રચના મહર્ષિ કપિલે કરી છે. સાંખ્યદર્શનની વિચારધારા મુજબ પુરુષ અને પ્રકૃતિના દ્વૈતથી આ સૃષ્ટિની ઉત્પત્તિ થઈ છે. ઈશ્વરના અસ્તિત્વનો અસ્વીકાર કરતા આ દર્શને સત્ત્વ, રજસ અને તમસને પ્રકૃતિના ગુણો કહ્યા છે. તે જ્ઞાન કે વિવેકને જ મોક્ષનું સાધન કહે છે.

2. યોગદર્શન : પોગદર્શનની રચના મહર્ષિ પતંજલિએ કરી છે. યોગદર્શન સત્યને પામવા માટેના વ્યવહારુ માર્ગો પર વિચાર કરે છે. યોગસૂત્રમાં મહિષે પતંજલિએ તપ, સ્વાધ્યાય અને ઈશ્વપ્રણિધાન- શરણાગતિ)ને પોગનાં સાધન કહ્યાં છે. પોગની ઉપયોગિતા માત્ર સૈદ્ધાંતિક નથી, પરંતુ વ્યાવહારિક પણ છે. જેના દ્વારા માનવી શરીર, હૃદય અને ચિત્તને એકાગ્ર કરી મોક્ષને પ્રાપ્ત કરી શકે છે.

3. ન્યાયદર્શન : ન્યાયદર્શનની રચના મહર્ષિ ગૌતમે કરી છે. ન્યાયદર્શનનો મુખ્ય ઉદેશ યથાર્થ જ્ઞાનની પ્રાપ્તિનો છે. આ દર્શન પ્રમાણે આત્મા, શરીર, મન અને ઇન્દ્રિયોથી પર છે. ન્યાયદર્શન ઈશ્વરના અસ્તિત્વની સાબિતી પણ આપે છે. ન્યાયદર્શન પથાર્થ જ્ઞાન વડે મોલ કઈ રીતે મળે તે સમજાવે છે.

4. વૈશેષિક દર્શન : વૈશેષીક દર્શનની રચના મહર્ષિ કણાંદે કરી છે. વૈશેષિક દર્શન ભૌતિક જગતને સત્ય માની તેના સ્વરૂપનો વિસ્તારપૂર્વક વિચાર કરે છે. ન્યાયદર્શન અને વૈશેષિક દર્શન સુષ્ટિ અને ઈશ્વરનો સ્વીકાર કરે છે, ના દર્શનના અનુયાયીઓ સંપૂર્ણ સાધુજીવન જીવતા હતા.

5. પૂર્વમીમાંસાદર્શનઃ પૂર્વમીમાંસાદર્શનની રચના મહર્ષિ જૈમિનીએ કરી છે. પૂર્વમીમાંસાદર્શનમાં માં અને પનર્જન્મને લગતા અનેક સિદ્ધાંતોની ચર્ચા કરવામાં આવી છે. આથી આ દર્શનને ’કર્મમીમાંસાદર્શન’ પણ કહે છે.

6. ઉત્તરમીમાંસાદર્શન : ઉત્તરમીમાંસાદર્શનની રચના મહર્ષિ બાદરાયણે કરી છે. ઉપનિષદોમાં જે વિચારો છૂટાછવાયા પડ્યા હતા તેને ઉત્તરમીમાંસાદર્શનમાં સુત્રરૂપે રજૂ કર્યા છે. દરેક દર્શનમાં જીવ, જગત અને ઈકવર વિશે ચિંતન રહેલું છે. આ દર્શનમાં જગત અને તેના દરેક વિષયોને સત્ય માનવામાં આવ્યાં છે. આ દર્શનમાં બ્રહ્મને સવોપરી સત્તા ગણી તેમાં બ્રહ્મ અને આત્માની એકતા સમજાવવામાં આવી છે.

2. જૈન વિચારધારાનું ટુંકમાં વર્ણન કરો.

➢ જૈન ધર્મનો દષ્ટિકોણ આધ્યાત્મિક છે. તે જીવનની વાસ્તવિકતા ઉપર ભાર મૂકે છે. જૈન ધર્મનું તત્ત્વજ્ઞાન ‘અનેકાંતવાદ’ના નામથી ઓળખાય છે. અનેકાંતવાદ એટલે કોઈ પણ બાબતને બધી બાજુ એથી જોવાની

વિચારસરણી. અનેકાંતવાદ જ્ઞાનના, વિચારના અને આચારના વિષયોને કોઈ એક જ બાજુએથી તપાસવાને બદલે બધી બાજુએથી ચકાસીને સત્ય બહાર લાવવાનો પ્રયત્ન કરે છે, આ વાદમાં સાત પ્રકારે કોઈ પણ વિષયની તપાસ કે રજૂઆત કરવામાં આવે છે.

મહાવીરે આ પાંચ મહાવ્રતોનો બોધ આપ્યો હતો : સત્ય, અહિંસા, અસ્તેય, અપરિગ્રહ તથા બ્રહ્મચર્ય. 'અહિંસા પરમોધર્મ' એ જૈન ધર્મનું પાયાનું સૂત્ર છે. દાર્શનિક ક્ષેત્રે જેન ધર્મે અહિંસા પર ખૂબ ભાર મૂક્યો છે. પશુ, પક્ષી ઉપરાંત જીવજંતુ, વનસ્પતિ વગેરેમાં જીવ છે એમ ગણીને તે બધાં પ્રત્યે અહિંસાની ભાવના રાખવાનો તેમણે ઉપદેશ આપ્યો છે. તેમાં શારીરિક ઉપરાંત માનસિક અહિંસા આચરવાનો પણ અનુરોધ કરવામાં આવ્યો છે. અનેકાંતવાદ દ્વારા માનસિક અહિંસાનું પાલન કરી શકાય છે. કોઈ પણ બાબતમાં પોતાનો જ મત સાચો હોવાનો આગ્રહ રાખીને અન્યના મતની ઉપેક્ષા કરવી તે પણ એક પ્રકારની હિંસા જ છે.

જૈન ધર્મે પરમતસહિષ્ણુતા પર ભાર મૂકીને પરપાર્થવાદને પ્રોત્સાહન આપ્યું છે. જૈન ધર્મે કર્મનાં બંધનો દૂર કરી મોક્ષપ્રાપ્તિ માટે ઉપવાસ, દેહદમન, પ્રાયશ્ચિત્ત, સેવા, ધ્યાન વગેરે તપ કરવાનો ઉપદેશ આપ્યો છે ; જેમાં હિન્દુ ધર્મના 'કર્મફળનો સિદ્ધાંત' છે. જૈન ધર્મમાં પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ અને ચાર ભાવનાઓમાં સાદાઈ, સંયમ, ત્યાગ, મૈત્રી, કરુક્ષા તેમજ સાત્વિક ખોરાક દ્વારા જીવને બંધનમાંથી મુક્તિનો માર્ગ દર્શાવવામાં આવ્યો છે. જેનોના અહિંસાવ્રત અને અનેકાંતવાદમાં ભારતીય વિચારધારાનું અનુસંધાન મળે છે. જેન ધર્મે પુરુષાર્થવાદને પ્રોત્સાહન આપ્યું છે. જૈનદર્શનમાં સમ્ય કે જ્ઞાન, સમ્યક દર્શન અને સમ્યક ચરિત્ર ખૂબ ચિંતન થયું છે. જૈનદર્શન વેદની તત્ત્વમસીની ભાવનાને મળતું આવે છે. જૈન મંદિરો(દેરાસરો)માં ઈશ્વરની જેમ તીર્થંકરોની મૂર્તિઓની સ્થાપના કરી તેનું વિધિવિધાનપૂર્વક પૂજન કરવામાં આવે છે. જેના ફળ 'મોક્ષપ્રાપ્તિ' માનવામાં આવે છે.

### 3. વૈશ્વિક તત્ત્વજ્ઞાનના વારસામાં ભારતનું પ્રદાન શું છે?

➢ ભારતીય સંસ્કૃતિ આજે પણ તેના ભવ્ય વારસા માટે ગૌરવની લાગણી અનુભવે છે. ભારતીય સંસ્કૃતિએ ભારતને જ નહિ પરંતુ સમગ્ર વિશ્વને સત્ય, સનાતન અને જીવંત વારસો આપ્યો છે. ભારતનું સૌથી પ્રાચીન સાહિત્ય તે વૈદિક સાહિત્ય છે. આજે પણ આ સાહિત્ય વારસો વિશ્વના માનવી માટે સંજીવની સમાન છે. ભારતીય તત્ત્વજ્ઞાને જગતને આપેલ પ્રદાનના મહત્ત્વના મુદા નીચે પ્રમાણે છે :

ભારતીય તત્ત્વજ્ઞાને આદર્શ જીવનપદ્ધતિ રજૂ કરી છે. જીવનને નિયંત્રિત કરવા અને સુવ્યવસ્થિત જીવન જીવવા વણશ્રિમવ્યવસ્થા ગોઠવી છે. વર્ણવ્યવસ્થા જન્મ પ્રમાણે નહિ, પરંતુ કર્મ પ્રમાણે હતી. ભારતીય તત્ત્વજ્ઞાને ચારે વેદો (ઋગ્વદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદ)ની ભેટ આપી છે. સર્વેદને જગતનો પ્રાચીન ઐતિહાસિક ગ્રંથ ગણવામાં આવે છે. સર્વેદમાં આર્યપ્રજાના જીવનદર્શનનો નિચોડ જોવા મળે છે.

ભારતીય તત્ત્વજ્ઞાને જીવનના ચાર ધ્યેયો રજૂ ક્યાં છે : ધર્મ, અર્થ, કામ અને મોક્ષ. અર્થ અને કામ ગૃહસ્થાશ્રમના સંદર્ભમાં તથા ધર્મ અને મોક્ષ વાનપ્રસ્થાશ્રમ તથા સંન્યસ્તાશ્રમ સાથે જોડાયેલા છે. ઉપનિષદોમાં મોક્ષપ્રાપ્તિની વિશદ્ ચર્ચા કરવામાં આવી છે. વિશ્વના ચિંતકો અને ફિલસૂફોએ ઉપનિષદોના ગુણગાન મુક્તકંઠે કર્યા છે. ભારતીય તત્ત્વજ્ઞાને વેદાંગ, ઉપવેદો, દર્શનગ્રંથ, સૂત્રસાહિત્ય, સાંખ્ય, યોગ, ન્યાય, મીમાંસા અને વેદાંતની ભેટ જગતને ધરી છે. ભારતીય તત્ત્વજ્ઞાને 'રામાયણ' અને 'મહાભારત' નામનાં બે મહાકાવ્યોની જગતને ભેટ ધરી છે; જે જગતનાં રાજકીય, આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક રહસ્યો રજૂ કરે છે.

શ્રીમદ્ ભગવદ્ગીતા' મહાભારતનો સૌથી શ્રેષ્ઠ ભાગ છે. તેમાં અર્જુન અને શ્રીકૃષ્ણના સંવાદરૂપે જ્ઞાન, ભક્તિ અને કર્મયોગની વિશદ્ ચર્ચા કરવામાં આવી છે. તેમાં શ્રી કૃષ્ણ નિષ્કામ કર્મની ભાવનાનો આદર્શ જગત સમક્ષ રજૂ ક્યોં છે. જગતની કોઈ પણ વ્યક્તિને ગીતામાંથી નવજીવનની પ્રેરણા મળી શકે તેમ છે. ભારતીય તત્ત્વજ્ઞાને 'યોગદર્શન'ની ભેટ જગતને ધરી છે. યોગ વીરા ભૌતિક સુખો, ઇન્દ્રિયો અને શરીરનાં અંગો પર નિયમના પ્રાપ્ત કરી શકાય છે. ભારતીય તત્વજ્ઞાનમાં આધ્યાત્મવાદનું વિશિષ્ટ સ્થાન છે. ભારતીય સંસ્કૃતિ વિભિન્ન ધર્મો અને આધ્યાત્મિકતાની ઉપાસક છે. ભારતીય સંસ્કૃતિને મહર્ષિ યાજ્ઞવક્ય, શ્રી કૃષ્ણ, બુદ્ધ, શંકરાચાર્ય, રામાનુજ, ગુરુ નાનક, રામતીર્થ, સ્વામી દયાનંદ, વિવેકાનંદ, ઋર્ષિ અરવિંદ, ટાગૌર અને મહાત્મા ગાંધી જેવા અધ્યાત્મવાદના પ્રકાશપુંજોની જગતને ભેટ ધરી છે.

જૈન ધર્મના મત અનુસાર આત્માની સાથે કમોં પણ ચોંટી જાય છે અને એ કમૉને દૂર કરવા જેન ધર્મે 'આસવ', 'સંવર' અને 'નિર્જરા'નું તત્ત્વજ્ઞાન વિશ્વને આપ્યું છે. બૌદ્ધ ધર્મે 'અષ્ટાંગ માર્ગ દ્વારા જીવનને ઉન્નત બનાવવાનો અભુત માર્ગ દર્શાવ્યો છે. તે 'નિવણિ' પદની પ્રાપ્તિ માટે જ્ઞાના ત્યાગ પર ભાર મૂકે છે. માનવી જો તુસ્સા (લાલસા કે અભીપ્સા) જ ન રાખે અથવા તેને કમશઃ ઓછી કરતો જાય તો દુઃખ કે વ્યથા જ ન થાય. પાયાનું આ અદ્દભુત તત્ત્વજ્ઞાન બોદ્ધા ધર્મે જગતને આપેલો અમૂલ્ય વારસો છે.

આમ, ભારતીય તત્ત્વજ્ઞાને જગત સમક્ષ સમન્વયકારી દષ્ટિકોણ, સત્ય અને બીજા અનેક ગૂઢ રહસ્યો રજૂ કર્યા છે.

4. વૈદિક યુગે ભારતને રાજકીય અને સામાજિક ક્ષેત્રે આપેલ વારસો જણાવો.

➢ વૈદિક યુગે ભારતીય સંસ્કૃતિને નીચે પ્રમાણે રાજકીય અને સામાજિક વારસો આપ્યો છે :

1. રાજકીય ક્ષેત્ર : વૈદિક યુગે પ્રજાકલ્યાણના ધ્યેયવાળી આદર્શ રાજાશાહીનો ખ્યાલ આપ્યો. આ સમયના રાજાઓ નિરંકુશ આપખુદ ન હતા. રાજાની સત્તા ઉપર ધર્મ અને નૈતિક નિયમોનો અંકુશ રહેતો હતો. રાજા બળથી નહિ, પરંતુ પોતાના નૈતિક ગુણોથી રાજ્ય કરતો હતો. જુલમી રાજાને પદભ્રષ્ટ કરી શકાતો. અથર્વવેદમાં રાજાની ચૂંટણીના, રાજાને હાંકી કાઢવાના તથા તેની ફરી વખત ચૂંટણી કર્યાના ઉલ્લેખો છે. 'એતરેય બ્રાહ્મણ'માં રાજાના રાજ્યાભિષેકનું વર્ણન છે, તે અનુસાર રાજાએ ગાદીએ બેસતાં પહેલાં રાજ્યના આગેવાન અધિકારીઓ તથા ગ્રામણીઓને બોલાવીને તેમની સંમતિ લેવી પડતી તથા આ પવિત્ર શપથ લેવા પડતા હતા : 'જો હું તમને પીડું તો મારું સઘળું પુણ્ય, મારું સ્વર્ગ, મારું આયુષ્ય અને મારા સંતાનોનો વિનાશ થાઓ.'' તે પછી રાજાને આ શબ્દોથી રાજ્યની સોંપણી થતી : ''આ રાજ્ય તમને સોંપાય છે - ખેતી માટે, વિકાસ માટે, કલ્યાણ માટે, સમૃદ્ધિ છે માટે.'' એટલે કે આ રાજ્ય તમારી અંગત મિલકત નથી, પરંતુ છે તમને ચોક્કસ ક્ષેતસર સોંપાયેલું છે અને તમારે તે રીતે જ તેનો વહીવટ કરવાનો છે.

આ ઉપરાંત 'સભા' અને 'સમિતિ' રાજાની સત્તા પર અંકુશ રાખવાનું કાર્ય કરતી હતી. ઋષિઓ તથા પરૌષિતો રાજ્ય અને રાજનીતિ પર અસરકારક અંકુશ ધરાવતા હતા. અનુવૈદિક યુગમાં વિસ્તૃત રાજ્યોની સ્થાપના થવા માંડી હતી. કેટલાક રાજાઓએ 'સમ્રાટ' અને 'ચક્વતી'નાં ઉપનામો પ્રાપ્ત ક્યાં હતાં. રાજ્યવિસ્તારની સાથે રાજાની સત્તાનો પણ ઘણો વિકાસ થયો હતો. રાજ્યની દંડશક્તિ નિરંકુશ ગણાવા માંડી હતી. રાજા બીજાને શિક્ષા કરી શકતો, પરંતુ પોતે દંડશક્તિથી પર હતો. આમ છતાં; રાજા સર્વસત્તાધીશ કે આપખુદ બની શક્યો ન હતો, કારણ કે હજુ પેલા કરારવાદના સિદ્ધાંતની અસર, ધર્મની સત્તાનું બંધન અને 'સભા' તથા 'સમિતિ'નો અંકુશ ઓછો થયો ન હતો. રાજાને વારંવાર રાજ્યધર્મ યાદ દેવડાવવામાં આવતો. જેમ

કે, ધર્મને માટે રાજ્યપદ મળે છે; વાસનાપ્તિ માટે નહિ અને રાજા ધર્મ ચૂકે તો તેની સજા હતી જ. રાજ્યનો વિસ્તાર વધતાં તેના વહીવટમાં સુગમતા પડે તે માટે તેના વિભાગો પાડી તેના પર અધિકારીઓની નિમણૂક કરવાની શરૂઆત થઈ હતી. જેમ કે, 100 ગામોના વિભાગ પર ‘શતપતિ’ની નિમણૂક થતી. તેના પછી 20 અને 10 ગામોના અધિકારીઓ આવતા. રાજ્યનું નાનું એકમ ગ્રામ હતું. તેનો વહીવટ ’ગ્રામણી’’ કરતો. અનાર્યોના પ્રદેશમાં ‘સ્થપતિ’ નામના અધિકારીની નિમણૂક થતી.

2. સામાજિક ક્ષેત્ર : ત્રસ્વેદના સમયની જેમ આ સમયમાં પણ સંયુક્ત કુટુંબ જ સમાજનો પાયો હતો. કુટુંબના વડાની સત્તા અમર્યાદિત હતી. વૈદિક યુગે ચાર વર્ણો અને ચાર આશ્રમોની અજોડ વ્યવસ્થા વારસામાં આપી હતી. પાછળથી વર્ણવ્યવસ્થામાંથી જ્ઞાતિપ્રથા ઉદભવી. કર્મકાંડો અને યજ્ઞવિધિઓને કારણે બ્રાહ્મણોનો તથા યુદ્ધોના કારણે ક્ષત્રિયોનો વ્યવસાય વંશપરંપરાગત બન્યો. તે જ રીતે વૈશ્યોનો વેપાર તથા સુથાર, લુહાર, સોની, મોચી વગેરે કારીગરોના વ્યવસાયો પણ વંશપરંપરાગત બન્યા. આમાંથી જ ચુસ્ત નિયમોવાળી જ્ઞાતિપ્રથા અસ્તિત્વમાં આવી. વેદિક યુગની મૂળ વર્ણવ્યવસ્થા વૈજ્ઞાનિક હતી. તેમાં સમાજની પ્રવૃત્તિઓની વૈજ્ઞાનિક ઢબે વહેંચણી કરી સમાજજીવનને વ્યવસ્થિત અને ઉપયોગી બનાવવાની ભાવના હતી.

અનુવેદિક યુગમાં આ પ્રથા કંઈક અંશે જટિલ બની હતી. અટપટા અને જટિલ યશોને કારણે બ્રાહ્મણોનું વર્ચસ્વ વધ્યું હતું. રાજ્યવિસ્તાર વધવાને કારણે ક્ષત્રિયોની મહત્તા વધી હતી અને જ્ઞાતિપ્રથા વંશપરંપરાગત બનવા માંડી હતી. ઋગ્વદની જેમ આ સમયમાં પણ મહિલા-સન્માનની અને મહિલા- સ્વાતંત્ર્યની ભાવના જળવાઈ રહી હતી. અનુવૈદિક યુગમાં મહિલાઓનું સ્થાન નીચે જવાની શરૂઆત થઈ હતી. પુત્રીનો જન્મ પીડાકારક ગણાવા લાગ્યો હતો. પુરુષો મહિલાઓના માલિક છે એવો નિર્દેશ સૂત્રસાહિત્યમાંથી મળે છે.